PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

CIN:U40102GJ2003SGC042908 website: www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પ્રતિ,
રહીમભાઈ સીદીભાઈ ખોજાદા
અધ્યાપન મંદીર પાસે
<u>ગામ: પ્રભાસપાટણ</u>
<u>તા.વેરાવળ</u>
જી: ગીર સોમનાથ
મો : ૯૯૦૪૪૫૬૬૨૮

વિષય :–વીજબીલ બાબંત
<u>સંદર્ભ:– આપની અરજી ૧૬–૦૪–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૧૯/કવાં–૦૧/૧૬–૧૭)</u>

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૦૨)

<u>નકલ રવાના :</u>
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ,વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
<u>(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલેલ, પેટા વીભાગીય કચેરી, પ્રભાસ પાટણ</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૧૯/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૩–૦૫–૧૬ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામઃ રહીમભાઈ સીદીભાઈ ખોજાદા**

**ગામઃ પાટણ,**

**રજુઆત કરનાર : અરજદાર ના પુત્ર શ્રી ઈકબાલભાઈ રહીમભાઈ ખોજાદા હાજર રહેલ હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, પ્રભાસ પાટણ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામઃ પ્રભાસપાટણ ખાતે આવેલ – બીનવપરાશી મકાન મા– પીજીવીસીએલ તરફથી, જુનુ મીટર ઉતારી અને તા.૧૧–૧૨–૧૫ ના રોજ જુનુ મીટર ઉતારી અને નવુ મીટર લગાડવામા આવેલ હતુ. અને જુના મીટર ને લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. ત્યારબાદ, તેઓના આ – બીન વપરાશી મકાન ના આ મીટર મા – કે જેમાં કોઈ લોડ જોડેલ ન હોવા છતા, પીજીવીસીએલ તરફથી માહે નવેમ્બર – ડિસેમ્બર –૧૫ નુ ૨૦૯૩ યુનીટ નુ, રૂ.૧૫,૪૩૫/૭૦ નુ જે વીજબીલ અપાયેલ છે. તે વીજબીલ ને ન્યાયિક રીતે મુલવવા,અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર શ્રી નુ સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૮૪૯૦૧/૦૧૦૧૯/૦, જે તેમના ગામઃ પ્રભાસપાટણ ખાતે આવેલ તેમના રહેઠાણ ના મકાન મા, તા:૧૯–૦૯–૨૦૦૯ થી, ૧.૦૦ કીવો ના વીજભાર થી ચાલુ થયેલ હતુ. આ જોડાણ, તા.૧૯–૦૯–૨૦૦૯ થી, તા.૨૮–૦૪–૨૦૧૧ સુધી '' વાય સ્ટેટસ – કપાયેલ'' સ્થિતી મા હતુ. આ જોડાણ ના મીટર તેમજ પેટી ને તા.૧૬–૦૧–૧૫ ના રોજ '' રીસીલીંગ કરાયેલ હતુ.'' આ જોડાણ મા તા.૧૯–૦૯–૨૦૦૯ થી જ,'' સીકયોર કંપની નુ મીટર નંબર પીજીએસટી – ૦૦૩૪૦૪૬૨'' જે લગાડવામા આવેલ હતુ. તે '' સીકયોર કંપની નુ મીટર નંબર પીજીએસટી – ૦૦૩૪૦૪૬૨'' ને, તા.૧૧–૧૨–૧૫ ના રોજ પર્ફોમા –૧૫ નંબરઃ ૧૯૨૮ થી, સ્થળ પર થી ઉતારી અને પેપરપેક કરવામા આવેલ હતુ. આ સમયે, એટલેકે તા.૧૧–૧૨–૧૫ ના રોજ નવુ '' એલએન્ડજી કંપની નુ મીટર નંબરઃ ૦૨૩૨૭૯૮૩'' જે શરૂઆતના ૦૦૦૦ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | તા.૧૧–૧૨–૧૫ ના રોજ પેપરપેક કરાયેલ'' સીકયોર કંપની નુ મીટર નંબર પીજીએસટી – ૦૦૩૪૦૪૬૨'' ને, પીજીવીસીએલની લેબોરેટરી મા તા.૧૫–૦૧–૧૬ ના રોજ ચકાસણી કરવામા આવેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીંગ ૨૨૪૩.૫ નોંધાયેલ હતા. લેબોરેટરી ચકાસણી સમયે – સદર મીટર નો ડાયલ ટેસ્ટ લેવામા આવેલ હતો, તેમજ એમ.આર.આઈ. ડેટા પણ લેવાયેલ હતો. જે મુજબ, મીટર મા કોઈ અનિયમીતતા અથવા તો જમ્પીંગ રીડીંગ વગેરે બાબતો જણાયેલ ન હોય, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન એમ.આર.આઈ. ડેટા મળી આવેલ હોય, આવા કારણોસર સદર મીટર ને મીટર કંપની સમક્ષ રજુ કરી અને અભિપ્રાય મેળવવાની, પીજીવીસીએલ ને જરૂરીયાત જણાયેલ ન હતી. |

| | |
|---|---|
| **૨.૩** | સદર જોડાણ મા, ઓકટોબર–નવેમ્બર –૨૦૧૦ સુધી, '' વાય સ્ટેટસ હેઠળ નુ – છેલ્લા ૧૫૦ નોંધાયેલ યુનીટ મુજબનુ, મીનીમમ બીલીંગ થયેલ હતુ.'' જયારે, એપ્રીલ–૨૦૧૧ થી આ જોડાણ '' વાય ટુ નોર્મલ '' પુનઃ ચાલુ થયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીંગ ૧૫૦ નોંધાયેલ હતા. જયારે, મીટર લેબોરેટરી ચકાસણી અને એમ.આર.આઈ. અહેવાલ મા તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય તે મુજબ તેમા નોંધાયેલ યુનીટ પણ જોડાણ મા થયેલ વીજવપરાશ મુજબ ના જ છે. તા.૧૫–૦૧–૧૬ ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર મા છેલ્લા રીડીંગ ૨૨૪૩ નોંધાયેલ છે. જે, મુજબ સદર કેઈસ, માહે એપ્રીલ–મે –૧૧ થી ઓકટોબર–નવેમ્બર –૧૫ સુધી ના – અગાઉ ના તમામ નિયમીત વીજબીલીંગ દરમ્યાન ચડત / પડતર રહેલ યુનીટ મુજબ નો જણાયેલ છે. આમ, એપ્રીલ–મે –૧૧ ની સ્થિતી ના છેલ્લા રીડીંગ ૧૫૦, તેમજ લેબોરેટરી ચકાસણી દરમ્યાન ના ડિસેમ્બર–જાન્યુઆરી –૧૬ ના છેલ્લા રીડીંગ ૨૨૪૩, એ મુજબ નુ, તફાવતીય (૨૨૪૩ – ૧૫૦ = ૨૦૯૩) ૨૦૯૩ યુનીટ નુ સવાલવાળુ માહે ઓકટોબર–નવેમ્બર –૧૫ નુ રૂ.૧૫,૪૩૫/૭૦ નુ તા.૧૦–૧૨–૧૫ ના રોજ જે બીલીંગ થયેલ છે. તે યોગ્ય છે. તેમ છતા, સદર સવાલવાળા ઓકટોબર–નવેમ્બર –૧૫ ના ૨૦૯૩ યુનીટ ને, અગાઉ ના દીર્ઘકાલીન સમયગાળા (માહે એપ્રીલ–મે –૧૧ થી, ઓકટોબર–નવેમ્બર –૧૫ સુધીના– કુલ ૨૮ દ્રીમાસીક વીજબીલો ) ૨૮ દ્રીમાસીક વીજબીલો મા વિભાજન કરવાની બાબત નિયમાધીન છે. જે ગણતરી મુજબ, સદર કુલ ૨૮ દ્રીમાસીક વીજબીલો, જે પ્રતિ બીલ ( ૨૦૯૩ ÷ ૨૮= આશરે ૭૫ યુનીટ) ૭૫ યુનીટ નુ બનશે. જે, મુજબ – સદર કુલ ૨૮ દ્રીમાસીક વીજબીલો નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક – જે તે સમયે અમલ મા રહેલ ટેરીફ મુજબ ની ગણતરીએ – પ્રતિબીલ ૭૫ યુનીટ ની ગણતરી એ થતી રકમ મુજબ નુ બનાવી – અને અરજદાર ને આપી, અને તે મુજબ અપાયેલ સવાલવાળુ માહે ઓકટોબર- નવેમ્બર –૧૫ નુ ૨૦૯૩ યુનીટ નુ રૂ.૧૫,૪૩૫/૭૦ નુ તા.૧૦–૧૨–૧૫ ના રોજ અપાયેલ વીજબીલ, જે ૨૮ દ્રીમાસીક વીજબીલો મા વિભાજન ની પ્રક્રીયા હેઠળ રીવાઇઝ કરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર શ્રી ના સવાલવાળુ મીટર, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે લેબોરેટરી ચકાસણી દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે. જેથી, સદર મીટર મા નોંધાયેલ છેલ્લા ૨૨૪૩ યુનીટ પણ, જોડાણ મા જોડાયેલ અન્વયે ના વીજવપરાશી યુનીટ મુજબ નુ જ છે. પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી નો સદર કેઈસ, જે અગાઉ ના કુલ ૨૮ દ્રીમાસીક વીજબીલો ના સમયગાળા ના ચડત પડતર યુનીટ મુજબ નો જ હોવાની પૂર્તતા પ્રમાણે નો છે. જેથી, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે ઓકટોબર–નવેમ્બર –૧૫ ના ૨૦૯૩ યુનીટ ના રૂ.૧૫,૪૩૫/૭૦ ના તા.૧૦–૧૨–૧૫ ના રોજ અપાયેલ વીજબીલ ને, સદર ૨૮ દ્રીમાસીક (માહે એપ્રીલ–મે –૧૧ થી, ઓકટોબર–નવેમ્બર –૧૫ સુધીના– કુલ ૨૮ દ્રીમાસીક વીજબીલો ) વીજબીલો મા વિભાજન કરવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર નો અભિપ્રાય નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. જેથી, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે ઓકટોબર–નવેમ્બર –૧૫ ના ૨૦૯૩ યુનીટ નુ વીજબીલ રદ કરી, અને પ્રતિ બીલ ( ૨૦૯૩ ÷ ૨૮= આશરે ૭૫ યુનીટ) ૭૫ યુનીટ મુજબ ના એવા કુલ ૨૮ દ્રીમાસીક વીજબીલો મા, જે તે સમયે અમલ મા રહેલ ટેરીફ મુજબ ની ગણતરી ની રકમ મુજબ રીવાઇઝ કરી, અને તે મુજબ નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા લેખીત પત્ર આપી, અને તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે ઓકટોબર–નવેમ્બર –૧૫ ના ૨૦૯૩ યુનીટ નુ વીજબીલ રદ કરી, અને પ્રતિ બીલ ( ૨૦૯૩ ÷ ૨૮= આશરે ૭૫ યુનીટ) ૭૫ યુનીટ મુજબ ના એવા કુલ ૨૮ દ્રીમાસીક વીજબીલો મા, જે તે સમયે અમલ મા રહેલ ટેરીફ મુજબ ની ગણતરી ની રકમ મુજબ રીવાઇઝ કરી, અને તે મુજબ નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા લેખીત પત્ર આપી, અને તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા સબબ નો , આ સાથે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..